ફક્ત કચેરી ઉપયોગ માટે જ

सत्यमेव जयते

# જમીન મહેસૂલ કાયદાની કલમ-૩૭ (૨) હેઠળની કાર્યવાહી બાબતના સરકારી પરિપત્રો/ઠરાવો/હુકમો

# પરિપત્ર સંગ્રહ

## ૧૧

મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર
સચિવાલય, ગાંધીનગર.
૨૦૦૮

સત્યમેવ જયતે

**આનંદીબેન પટેલ**

**મંત્રીશ્રી,**
**મહેસૂલ, આપત્તિ વ્યવસ્થાપન, માર્ગ અને મકાન,**
**પાટનગર યોજના, મહિલા અને બાળ કલ્યાણ,**
ગુજરાત સરકાર.
૧/૬, સરદાર પટેલ ભવન, ગાંધીનગર-૩૮૨ ૦૧૦.
ફોન નં. (૦૭૯) ૨૩૨૪૩૩૩૧/૨૩૨૩૮૦૭૭
તારીખ : ૨૬-૧૧-૨૦૦૮

રાજ્ય સરકારનો અભિગમ પ્રજાલક્ષી કાર્યો ઝડપી અને પારદર્શી રીતે થાય તેવો રહ્યો છે, તે માટે રાજ્ય સરકારે વહીવટી સુધારણાને પ્રાધાન્ય આપેલ છે. રાજ્ય સરકારના મહેસુલી સુધારણાના ભાગરૂપે મહેસુલ વિભાગ દ્વારા કલેક્ટર મેન્યુઅલ, પ્રાંત મેન્યુઅલ, મામલતદાર મેન્યુઅલ અને વિવિધ અરજીઓનું ચેકલીસ્ટ પ્રકાશિત કરવામાં આવેલ છે.

મહેસુલી વહીવટ આંટીઘૂંટીવાળો છે તેવી સામાન્ય છાપ જનમાનસમાં પ્રવર્તે છે. છેલ્લા કેટલાંક સમયથી વહીવટી પ્રક્રિયા સરળ અને ઝડપી બનાવવા રાજ્ય સરકાર સતત પ્રયાસો કરી રહેલ છે. સામાન્ય જનતાની પૂરતી જાણકારી અને અજ્ઞાનતાને લીધે અરજદારોની અરજીઓ/માંગણીઓના તુમારો વર્ષો સુધી અનિર્ણિત રહે તે જરાપણ પ્રજાહિતમાં નથી. સામાન્ય જનતાના દાખલા, પ્રમાણપત્રો, રેશનકાર્ડ જેવી નાની અને રોજ-બરોજની જરૂરિયાતો વિના વિલંબે સંતોષવાથી લોકમાનસમાં વહીવટી તંત્ર વિષે માનની લાગણી સર્જાય છે.

આપણે પ્રજાભિમુખ વહીવટમાં લોકોની માંગને પહોંચી વળવા ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને વહીવટને વધુ સરળ બનાવવાની દિશામાં છીએ. આજે વિકાસના દરેક તબક્કે ''જમીન'' મૂળભૂત પાયાનો સ્ત્રોત છે. શહેરીકરણ, ઔદ્યોગિકરણ વધવાની સાથોસાથ કૃષિ ઉત્પાદન પણ જળવાઈ રહે તે જરૂરી હોવાથી તંત્રએ સાવધાનીપૂર્વક ફરજો અદા કરવાની છે.

કાયદા, નિયમો, વિનિયમો અનુસાર વ્યવસ્થાતંત્ર એક ''ચાલક બળ'' તરીકે ટકી રહે તે જરૂરી છે. જિલ્લાની તમામ મહેસુલી કચેરીઓમાં રાજ્ય સરકાર દ્વારા પરિપત્રિત કરેલ મહેસુલી વહીવટને લગતા જુદા જુદા વિષયોના ઠરાવો, પરિપત્રો, યાદીઓ અને જાહેરનામાઓ સરળતાથી પુસ્તિકા રૂપે મહેસુલી કચેરીઓ અને આમ જનતા સુધી પ્રાપ્ય બને તેવો પ્રયાસ મહેસુલી તપાસણી કમિશ્નર કચેરી દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રયાસ ખૂબ પ્રશંસનીય છે અને તે સાચા અર્થમાં તંત્ર અને લોકો માટે ઉપયોગી બની રહે તેવી શુભેચ્છા સહ....

આનંદીબેન

**(આનંદીબેન પટેલ)**

**પી. પનીરવેલ,** આઈ.એ.એસ.
**અગ્રસચિવ**

**મહેસુલ વિભાગ,**
ગુજરાત સરકાર

તા. ૨૫-૧૧-૨૦૦૮

મહેસૂલ વિભાગ દ્વારા જમીનના વહીવટને લગતી તમામ પ્રકારની કામગીરી અસરકારક રીતે થાય અને પ્રજાને તેનો પૂરેપૂરો અને મહત્તમ લાભ મળી રહે તે જરૂરી છે. સરકારના મહેસૂલ વિભાગ દ્વારા મહેસૂલી કામગીરી માટે સમયાંતરે જુદી-જુદી સૂચનાઓ, પરિપત્રો, ઠરાવો, યાદી અને જાહેરનામા બહાર પાડવામાં આવે છે અને તેના આધારે કાયદાઓ અને અધિનિયમોની જોગવાઈના પરિપ્રેક્ષ્યમાં રહીને પ્રજાલક્ષી કામો કરવામાં આવે છે.

મહેસૂલ વિભાગ પાસે લોકોની જુદી-જુદી અપેક્ષાઓ અને માંગણીઓ હોય છે. તેઓની અરજીઓ પરત્વે સરળ અને ઝડપી કામ થાય તે માટે સરકારશ્રીએ સમયાંતરે જુદી-જુદી સૂચનાઓ, પરિપત્રો, ઠરાવો, યાદી અને જાહેરનામા બહાર પાડેલા છે. પરંતુ તે રાજ્યની અને જિલ્લાની મહેસૂલી કચેરીઓમાં ઉપલબ્ધ હોય તે જરૂરી છે. તેથી આ તમામ પરિપત્રો, ઠરાવોનું સંકલન કરી તેને પુસ્તિકાના સ્વરૂપમાં છાપીને પરિપત્રિત કરવાની બાબત વિચારાધીન હતી. ધીરજ અને સમય માંગી લે તેવી આ કામગીરી મહેસૂલી તપાસણી કમિશનરશ્રીના સક્રિય સહયોગથી મહેસૂલ તપાસણી કમિશનર કચેરીએ ખૂબ જ ટૂંકાગાળામાં પાર પાડેલ છે અને પુસ્તિકાના સ્વરૂપે પ્રગટ કરેલ છે. જે ખરેખર પ્રસંશનીય બાબત છે.

આ પરિપત્રો/ઠરાવોની પુસ્તિકા સરકારના તમામ અધિકારી અને કર્મચારીઓને મહેસૂલી વહીવટમાં ઝડપ અને ચોકસાઈ લાવી પ્રજાના પ્રશ્નો સમયમર્યાદામાં હલ કરવામાં ઉપયોગી સાબિત થશે. આ પરિપત્ર સંગ્રહ તૈયાર કરવામાં મહેસૂલ તપાસણી કમિશનર, કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ વિભાગની શાખાઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ છે તે પ્રશંસનીય છે.

(પી. પનીરવેલ)

**સી. એલ. મીના,** આઈ.એ.એસ.
**મહેસૂલ તપાસણી કમિશનર અને સચિવ**

**મહેસુલ વિભાગ,**
ગુજરાત સરકાર

# આમુખ

રાજ્યની મહેસૂલી કચેરીઓની વહીવટી તપાસણીની કામગીરી મહેસૂલ તપાસણી કમિશનર દ્વારા કરવામાં આવે છે. તપાસણીની કામગીરી દરમ્યાન એવું ધ્યાન ઉપર આવેલ છે કે કલેક્ટર કચેરીઓ/પ્રાંત કચેરીઓ/મામલતદાર કચેરીઓમાં સરકારશ્રી દ્વારા જુદા જુદા સમયે બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ઉપલબ્ધ હોતાં નથી. સ્થાયી હુકમોની ફાઈલો અદ્યતન જણાયેલ નથી. જેથી મહેસૂલી કામગીરીમાં નીતિ વિષયક નિર્ણયો કરવામાં મુશ્કેલીઓ ઉભી થતી હોવાનું જણાયેલ છે.

વધુમાં જણાવવાનું કે, મહેસૂલ વિભાગ દ્વારા સમયાંતરે ઘણા બધા પરિપત્રો, ઠરાવો રદ કરવામાં આવ્યા છે તથા જૂના હોવાથી નીતિ બદલવાના કારણે તેમાં સુધારા-વધારા સહ નવા ઠરાવો તથા પરિપત્રો બહાર પાડવામાં આવ્યા છે. પરંતુ તેની જાણકારી મહેસૂલી કચેરીઓમાં હોતી નથી.

મહેસૂલ તપાસણી કમિશનરશ્રી તરફથી વિભાગ દ્વારા સમયાંતરે બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો એકત્રિત કરી તેનો વિષયવાર સંગ્રહ સ્વરૂપે બહાર પાડવાનો વિચાર ઉદ્દભવેલ અને તેના પરિપાકરૂપે વિભાગનાં ઉપલબ્ધ કરાયેલ ઠરાવો/પરિપત્રો બુકલેટના સ્વરૂપે બહાર પાડી મહેસૂલી અધિકારીઓને તેઓના નિર્ણયમાં મદદરૂપ થવાનો આ પ્રયાસ છે.

સરકારશ્રી દ્વારા જુદા જુદા સમયે બહાર પાડવામાં આવેલ પરિપત્રો વિભાગની સંબંધિત શાખાઓ/કલેક્ટર કચેરીઓમાંથી મેળવી વિષયવાર ફાઈલો અનુક્રમણિકા સાથે તૈયાર કરવામાં મહેસૂલ તપાસણી કમિશનર કચેરીનાં અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓએ ઉઠાવેલ જહેમતની નોંધ લેવી પ્રસ્તુત ગણાશે.

સંગ્રહમાં લેવામાં આવેલ પરિપત્રો/ઠરાવો જે ઉપલબ્ધ થઈ શક્યાં તે એકત્રિત કરેલ છે પરંતુ તે આખરી નથી. આથી સ્થાનિક ઉપલબ્ધ સ્થાયી હુકમોની ફાઈલ સાથે સરખાવીને સરકારશ્રીના છેલ્લામાં છેલ્લા ઠરાવ/પરિપત્રની જાણકારી મેળવી તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે. સંગ્રહમાં કોઈ ઠરાવ/પરિપત્ર/જાહેરનામા સામેલ કરવાના બાકી રહી ગયેલ હોય અથવા સંગ્રહને ઉપયોગી થઈ શકે તેવા સૂચનો આવકાર્ય છે.

સંગ્રહને મહેસૂલ વિભાગની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે.

આ સંગ્રહ મહેસૂલી કામગીરી કરતા અધિકારી/કર્મચારીઓની કામગીરીમાં મદદરૂપ થઈ શકશે.

(સી. એલ. મીના)
મહેસૂલી તપાસણી કમિશનર અને સચિવ,
મહેસૂલ વિભાગ

# લેન્ડ રેવન્યુ કોડની કલમ–૩૭ (૨) હેઠળની કાર્યવાહી બાબતના પરિપત્રો / ઠરાવો



| ક્રમ | વિષય | પરિપત્ર/ઠરાવ/ નંબર/ તારીખ | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | લેન્ડ રેવન્યુ કોડની કલમ–૩૭(૨) હેઠળની તપાસ બાબત. | પરિપત્ર નં. જમન/૧૧૬૬/૪૨૭૭/લ, તા. ૬/૨/૧૯૬૭ | ૦૧ |
| ૨ | Formal Enquiries under section 37 (2) of Land Revenue Code<br>Cases decided against Government Review of | Circular No. JMN.1168/106648/L, Dt.17/2/1969 | ૦૨ |
| ૩ | લેન્ડ રેવન્યુ કોડની કલમ–૩૭(૨) માં નીચેની કોર્ટે લીધેલ નિર્ણય રીવીઝનમાં લેવા બાબત. | પરિપત્ર નં.જમન/૧૦૬૯/૯૨૯૫૬/ લ, તા. ૩/૧૦/૧૯૭૦ | ૦૪ |
| ૪ | લેન્ડ રેવન્યુ કોડની કલમ–૩૭(૨) માં નીચેની કોર્ટે લીધેલ નિર્ણય રીવીઝનમાં લેવા બાબત. | પરિપત્ર નં. જમન/૧૦૭૦/૧૧૧૫૪૪/લ તા. ૨૭/૧૧/૧૯૭૦ | ૦૫ |
| ૫ | લેન્ડ રેવન્યુ કોડની કલમ–૩૭(૨) માં નીચેની કોર્ટે લીધેલ નિર્ણય રીવીઝનમાં લેવા બાબત. | પરિપત્ર નં.જમન/૧૦૭૦/ ૧૩૬૭૨/લ, તા.૨૫/૨/૧૯૭૧ | ૦૭ |
| ૬ | Formal Inquiries under section 37 (2) of Land Revenue Code<br>Cases decided against Government Review of | Circular No. JMN.1071/ 73619/L, Dt.7/12/1971 | ૦૮ |
| ૭ | Delegation of powers under section 37 (2) of Bombay Land Revenue Code 1879 In respect of Nagar Panchayat Municipal areas and district / taluka head quarters Recommenda-tion of Task Force Committee of Revenue Deptt. | Resolution No JMT/1076/ 104365/L, Dt. 18/10/1976 | ૧૧ |
| ૮ | લે. રે. કો.કલમ– ૩૭ (૨) નીચે અધિકારો એનાયત કરવા બાબત. | નોટીફીકેશન નં.જમીન/૩/૨૦૮૧/૭૬, તા.૯/૧૧/૧૯૭૬ | ૧૩ |
| ૯ | લેન્ડ રેવન્યુ કોડની કલમ–૩૭(૨) હેઠળની તપાસ બાબત. | પરિપત્ર નં.જમન/૧૦૭૯/યુઓ/૬૧૪/લ તા. ૯/૧૧/૧૯૭૯ | ૧૫ |
| ૧૦ | લેન્ડ રેવન્યુ કોડની કલમ–૩૭(૨) હેઠળ તપાસ બાબત. | પરિપત્ર નં.જમન/૧૯૮૭/૩૮૦૭/લ, તા. ૩૦/૪/૧૯૮૮ | ૨૧ |
| ૧૧ | નં.જમીન મહેસૂલ અધિનિયમ કલમ–૩૭(૨) હેઠળની તપાસ બાબત | પરિપત્ર નં.જમન/૧૦૮૭/ ૩૮૦૭/ લ, તા. ૨૧/૧૦/૧૯૮૯ | ૨૩ |
| ૧૨ | જમીન મહેસૂલ અધિનિયમ– ૩૭(૨) હેઠળની તપાસ બાબત. | પરિપત્ર નં.જમન/૧૦૮૭/ ૩૮૦૭/લ, તા. ૧૫/૬/૧૯૯૨ | ૨૪ |

લેન્ડ રેવન્યુ કોડની કલમ-૩૭:૨:
હેઠળની તપાસ બાબત:

ગુજરાત સરકાર,
મહેસુલ-વિભાગ,
પરિપત્ર નં-જમન-૧૧૬૬-૪૨૭૭-લ,
સચિવાલય, અમદાવાદ.
તા- ૬ ફેબ્રુઆરી, ૧૯૬૭.

## સરકારી પરિપત્ર.

લેન્ડ રેવન્યુ કોડની કલમ ૩૭:૨: હેઠળ હક-ચોકસીની તપાસમાં નિર્ણય સરકાર વિરુદ્ધ જાય ત્યારબાદ આવા કેસો ઉપરના અધિકારીઓ પૂર્નવિચારણામાં લે છે તેમજ અમુક કેસોમાં અપીલો પણ થાય છે. તે દરમ્યાન નીચેના અધિકારીના હુકમોને આધારે રેકર્ડમાં નોંધ કરવામાં આવે છે. અને જમીન માલિક તે જમીન તારણમાં મુકી દેતા હોય છે. આવા કેસોમાં પૂર્નવિચારણા કે અપીલોમાં સરકાર તરફેણમાં પાછળથી નિર્ણય થતાં ફેસલો કરનાર સત્તા મુશ્કેલીમાં મુકાઈ જાય છે.

૨. ઉપર દર્શાવેલ પરિસ્થિતિ લક્ષમાં લઈ એવું નક્કી કરવામાં આવે છે કે જ્યારે કલમ ૩૭:૨:ની તપાસનો નિર્ણય સરકાર વિરુદ્ધ જાય ત્યારે પૂર્નવિચારણા અને અપીલની સમય મર્યાદાઓ લક્ષમાં રાખી — [illegible] સમય પસાર થયા બાદ [illegible] નામ રેકર્ડમાં દાખલ કરવાની તજવીજ હાથ ધરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી તેમના નામે.

નિરંજન સીંઘ,
નાયબ સચિવ,
મહેસુલ-વિભાગ.

પ્રતિ,
મહેસુલ તપાસણી કમિશનર ગુ.રા. અમદાવાદ.

નં-જમન-સેરા-સો-૭૩.
મ.ત.ક.ની કચેરી.
અમદાવાદ-૧ તા-૧૭-૨-૬૭

નકલ રવાના:— મામલતદાર ઈન્ચાર્જ-૧ ને ... તરફ જાણ સારૂ.

મહેસુલ તપાસણી કમિશનર
ગુ.રા. અમદાવાદ વતી

Confidential.

Formal Enquiries under
Section 37(2) of Land Revenue Code.
Cases decided against Government.
Review of. -

GOVERNMENT OF GUJARAT,
Revenue Department,
Circular No. LEN-1168/106648/L,
Sachivalaya, Ahmedabad-15,
Dated 17th February, 1969.

Read :- (1) Govt. Circular R. & L.D. No.LEN-1060/87356-L dated 30-1-1961.

(2) Govt. Circular R. & L.D. No.LEN-1060/32771-L dated 4-6-1963.

(3) Govt. Circular R. & A.D. No.LEN-1064/95178-L dated 11-11-1964.

(4) Govt. Circular R. & A.D. No.LEN-2065/11949-L dated 30-3-1965.

C I R C U L A R

At present, the following procedure has been laid down by Government for matters decided under section 37(2) of the Land Revenue Code, 1879.

(i) When the Mamlatdar decides a matter under section 37(2) and if the decision is against Government, i.e. the ownership of the property is decided as belonging to a private person against Government, the Mamlatdar has to send the papers soon after his decision to his immediate superior officer.

If the immediate superior officer after scrutiny of the papers feels that the orders of the Mamlatdar requires to be modified, annulled or reversed, he should refer the matter to the Collector who is competent to revise the order passed by the Mamlatdar in a formal inquiry.

(ii) In case, however, where the Prant Officer has decided the matter in appeal against the Government he has to send the papers to the Collector for scrutiny of his orders in case the Collector wants to take up the matter in revision.

(iii) Where the Prant Officer in his original jurisdiction decides the matter under section 37(2) against Govt. (The P.Os have original jurisdiction in case of disputes in villages classed III), he has to submit the papers to the Collector for scrutiny of the Collector. The Collector can, if he feels that the order requires to be modified, annulled or reversed, take up the matter in revision at his level.

(iv) If the Collector decides the matter in appeal against the Government, he has also similarly to submit the papers to Government for scrutiny of the order in case Government wants to take up the matter to the Gujarat Revenue Tribunal against the order of the Collector.

2. It is felt from experience that some misunderstanding prevails in the districts regarding the procedure outlined in the aforesaid Government orders. The Collectors even when they, after scrutiny find that the Prant Officer's orders do not require revision, submit the papers to Government for confirmation of the orders of the Prant Officer. This is not correct. It is, therefore, clarified that after the scrutiny of the orders passed by the Mamlatdar or other subordinate officer has been done by the Collector, whatever action is possible at his level has to be taken by him without reference to Government. It is only when a Collector himself passes an order in appeal or revision against the Government that he has to submit the papers to Government for scrutiny in case Government wants to get orders passed by the Collector revised by the Gujarat Revenue Tribunal, by filing a revision application.

3. Another incorrect procedure which prevails in regar to this is that when the orders of the subordinate officers are not modified, annualled or reversed, the Collector pass orders for confirming the decision of the subordinate officers. Sec. 211 of the Land Revenue Code requires passing of an order by the revisional authority only when the order of the subordinate officer is modified, annualled or reversed. In cases where they find after scrutiny that the orders of the subordinate officers should stand, they have to send the papers back, stating that they have been duly seen.

4. The Collectors are requested to follow the above instructions scrupulously.

By order and in the name of the Governor of Gujarat,

C. M. Joshi,
Deputy Secretary to Government,
Revenue Department.

**ખાનગી**

વિષય:- લેન્ડ રેવન્યુ કોડની કલમ ૩૭: ૨: મા નીચેની કોર્ટે લીધેલ નિર્ણય રીવીઝનમાં લેવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક, જમન-૧૦૬૯-૯૨૯૫૬-લ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩-૧૦-૭૦.

**પરિપત્ર :-**

જમીન મહેસૂલ સંહિતાની કલમ ૩૭: ૨: હેઠળ તપાસના અંતે મામલતદાર-નાયબ કલેક્ટરે આપેલ ચુકાદો કલેક્ટરે સોંપેલ સત્તાની રૂએ હોઇ, તેને પુનઃ વિચારણામાં લેવાની સત્તા કલેક્ટરને નથી. એવો ગુજરાત વડી અદાલતે થોડા કિસ્સાઓમાં ચુકાદો આપેલ છે. ગુજરાત વડી અદાલતના ચુકાદાના અનુસંધાને મામલતદાર-નાયબ કલેક્ટરે સરકાર હીત વિરૂધ્ધ આપેલ ચુકાદાઓ પુનઃ વિચારણામાં લેવા કે નહી તે અંગે અમુક કલેક્ટરો તરફથી માર્ગદર્શન માટે લખાઇ આવેલ. ગુજરાત વડી અદાલતના ચુકાદા અંગે ફેરવિચારણા માટે સર્વોચ્ચ અદાલતમાં અપીલ દાખલ કરવાની કાર્યવાહી ચાલુમાં છે. પરંતુ જ્યાંસુધી સર્વોચ્ચ અદાલતનો ચુકાદો ન આવે ત્યાંસુધી ૩૭: ૨: ની તપાસમાં સરકાર હિત વિરૂધ્ધ હુકમ આપતાં પહેલાં મામલતદાર-નાયબ કલેક્ટરે કામના કાગળો કલેક્ટરને બતાવવા અને તેઓની સુચના પ્રમાણે ચુકાદો આપવા નક્કી થયેલ હોઇ તે પ્રમાણે અમલ કરવા વિનંતિ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી-
ન. ની. મહેતા,
ઉપસચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

વિષય:- લેન્ડ રેવન્યુ કોડની કલમ ૩૭(૨) માં નીચેની કોર્ટે લીધેલ નિર્ણય રીવીઝનમાં લેવા બાબત:-

-:-:-:-:-:-:-:-:-:-:-

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:જમન-૧૦૭૦-૧૧૫૪૪-લ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૨૭-૧૧-૧૯૭૦.

**પ્રાસ્તાવિક:-**

જમીન મહેસુલ સંહિતાની કલમ ૩૭(૨) હેઠળ તપાસના અંતે મામલતદાર / નાયબ કલેકટરે આપેલ ચુકાદો તેઓને સોંપવામાં આવેલ કલેકટરની સત્તાની રૂએ હોઇ, તેને પુન: વિચારણામાં લઇ અથવા તેની સામે વિવાદ સાંભળી નિર્ણય આપવાની કલેકટરને સત્તા નથી એવા ગુજરાત વડી અદાલતના તાજેતરના ચુકાદાના અનુસંધાને અમુક કલેકટરો તરફથી માર્ગદર્શન માટે લખાઇ આવેલ છે. સંપૂર્ણ વિચારણા બાદ આ બાબતે હાલની પધ્ધતિમાં ફેરફાર કરી બીજા હુકમો ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણેની પધ્ધતિ અમલમાં મુકવા સરકારે નક્કી કરેલ છે.

૨. વડી અદાલતના ચુકાદા બાદ નિર્ણયો આપેલ હોય ત્યાં નીચે પ્રમાણે કાર્યવાહી કરવી.

૧. જે કિસ્સાઓમાં મામલતદાર/ નાયબ કલેકટરનો નિર્ણય સરકારની તરફેણમાં હોય ત્યાં કલેકટરે કંઇ કાર્યવાહી કરવાની નથી.( જે તે પક્ષ આવા હુકમ સામે મહેસુલ પંચ સમક્ષ વિવાદ દાખલ કરી શકે છે.)

૨. જે કિસ્સાઓમાં નીચેની અદાલતનો નિર્ણય સરકાર હિત વિરુધ્ધનો હોય ત્યાં કલેકટરે આવો હુકમ પુન: વિચારણામાં લેવો અને જરૂર જણાય તો તે સામે મહેસુલ પંચ સમક્ષ વિવાદ દાખલ કરવા તજવીજ કરવી.

૩. પુન: વિચારણા બાદ સરકાર હિત વિરુધ્ધના નીચલી અદાલતના હુકમ સામે મહેસુલ પંચમાં વિવાદ દાખલ કરવા કલેકટરને યોગ્ય ન લાગે તો તે નિર્ણય માન્ય રાખતા પહેલાં પોતાના અભિપ્રાય સાથે અવલોકન માટે કાગળો સરકારમાં સમયસર રજુ કરવા.

૩. નીચેલી અદાલતમાં નિર્ણયો બાકીમાં છે તે કિસ્સાઓમાં સરકારના તારીખ ૩૦-૦-૭૦ના પરિપત્ર ક્રમાંક: જમન-૧૦૭૯-૯૨૯૫૬-લ. માં આપેલ સુચના

પ્રમાણે કાર્યવાહી કરવી અને સરકાર હિત વિરુધ્ધના ચુકાદાઓ અવલોકન માટે સરકારમાં રજુ કરવાની પધ્ધતિ ચાલુ રાખવી

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ન. ની. મહેતા)
ઉપસચિવ,
મહેસુલ વિભાગ,
ગુજરાત સરકાર.

જાણમાં

વિષય:- લેન્ડ રેવન્યુ કોડ કલમ ૩૭:૨: મુ. નીચેની કોર્ટે લીધેલ નિર્ણય રીવીઝનમાં લેવા બાબત.

ગુજરાત સરકાર,
મહેસુલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક-જમન-૧૦૭૦-૧૩૬૭૨-લ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૫-૨-૭૧.

પરિપત્ર :-

જમીન મહેસુલ સંહિતાની કલમ ૩૭:૨: બાબતે ગુજરાત વડી અદાલતના તાજેતરના ચુકાદા અન્વયે ઉભી થયેલ પરિસ્થિતિમાં આગળની કાર્યવાહી માટે સરકારના તા. ૩-૧૦-૭૦ અને તા. ૨૭-૧૧-૭૦ ના પરિપત્રથી સુચના આપવામાં આવેલ છે. અમુક કલેકટરો તરફથી આ બાબતે વધારે સ્પષ્ટતા માટે લખાણ આવેલ. તે અંગે સંપુર્ણ વિચારણા બાદ ઉપરની સુચનાઓ ઉપરાંત નીચે મુજબ કાર્યવાહી કરવા નક્કી થયેલુ હોઇ તે પ્રમાણે અમલ કરશો.

:૧: સરકાર હિત વિરૂધ્ધના તાબાની કચેરીઓના આજસુધીના નિર્ણયો કલેકટરે રીવીઝનમાં લેવાની હાલની પધ્ધતિ ચાલુ રાખવી. વડી અદાલતના ચુકાદાને આધારે આ પધ્ધતિ સામે કોઇ કેસમાં વાંધો લેવામાં આવે તો મહેસુલ પંચમાં વિવાદ દાખલ કરવો.

:૨: હાઇકોર્ટના ચુકાદા પહેલાં તાબાના અધિકારીઓએ આપેલ સરકાર તરફેણના હુકમ સામે કલેકટર સમક્ષ દાખલ થયેલ વિવાદ અરજીનો ગુણ[redacted]પ્રમાણે નિકાલ કરવો.

:૩: આ સુચનાઓ અન્ય કાયદા હેઠળના કિસ્સાઓને લાગુ ન પાડતાં ફક્ત જમીન મહેસુલ સંહિતાની કલમ ૩૭:૨: ના કિસ્સાઓને લાગુ પાડવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

ન. નો. મહેતા.
ઉપસચિવ.
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

કલેકટર કચેરી,
સુરેન્દ્રનગર જી. -૪-૭૧

Formal Inquiries under section 37(2) of Land Revenue Code -
---
Cases decided against Government
Review of -

Government of Gujarat,
Revenue Department,
Circular No. જમન - 1071/73619-I,
Sachivalaya, Gandhinagar,
Dated the 7th December, 1971.

CIRCULAR : It has now been held that the powers of the Collector under section 37(2) of the Land Revenue Code having been delegated to the Mamlatdar or any other authority, order passed by the Mamlatdar or any other authority under the said section is the order of the Collector and the Collector, is, therefore, not competent to take into revision the decision of the Mamlatdar or that other authority. Government have issued instructions from time to time as regards the procedure for review of cases decided by the Mamlatdars and Prant Officers, where the decision goes against Government under Circular No.LEN/1060/67356-L, dated 30-1-1961, Circular No.LND-1069/92956-L, dated 3-10-1970, Circular No. જમન - 1070/111544-L, dated 27-11-1970 and Circular No. જમન - 1070/13672-L, dated 25-2-1971 for guidance of the officers. Government have since reviewed the matter and have decided to issue the following fresh instructions on the subject in supersession of all previous instructions.

These instructions cover cases where the decision is against Government and which are decided by the Mamlatdars, Survey Officers, Assistant/Deputy Collectors in charge of a taluka or talukas and other Deputy Collectors. The Mamlatdars and Asstt/Deputy Collectors not in charge of a taluka or talukas are delegated powers under section 37(2) of Land Revenue Code and are, therefore, delegates of the Collector. These officers act in the capacity of a Collector in passing the orders under section 37(2) of Land Revenue Code. The Survey officers and Assistant /Deputy Collectors in charge of taluka or talukas act under powers vested in them under the statute.

(1) In cases where decision under section 37(2) of Land Revenue Code is given against the Government, by a Mamlatdar, he shall submit the case papers together with a copy of the decision, to the Prant Officer, immediately. The Prant Officer shall examine the records of the case and determine whether or not there is a case for appeal to the Gujarat Revenue Tribunal. He shall take this decision within seven days after receipt of the papers by him. If the Prant Officer finds that there is a case for preferring an appeal to Gujarat Revenue Tribunal, he shall send the papers to the Government Pleader attached to the Gujarat Revenue Tribunal to file an appeal before the Gujarat Revenue Tribunal under intimation to the Collector,. If, however, he finds that there is no case for preferring an appeal, he shall submit the case papers together with the reasons for his finding to the Collector, immediately. The Collector shall within a week of the receipt of the papers from Prant Officer decide whether an appeal be preferred to the Gujarat Revenue Tribunal. If he decides that appeal need not be preferred, he shall record his reasons, therefore. If he decides that appeal needs be preferred, he should send the papers to the Government pleader attached to the Gujarat Revenue Tribunal to file an appeal before the Gujarat Revenue Tribunal immediately.

(2) In cases where decision under section 37(2) of Land Revenue Code is given against the Government by Assistant/Deputy Collectors not in charge of a taluka or talukas, the Assistant/Deputy Collector shall submit the case papers together with a copy of the decision to the Collector, immediately. The Collector shall examine the records of the case and determine whether there is a

...e for appeal to the Gujarat Revenue Tribunal. He shall take this decision within seven days of the receipt of the papers ... the Assistant Collector/Deputy Collector. In case he finds that there is a case for preferring an appeal to Gujarat Revenue Tribunal, he shall send the papers to the Government Pleader attached to the Gujarat Revenue Tribunal, to file an appeal before the Gujarat Revenue Tribunal, immediately. In case he finds that appeal need not be preferred he shall record his reasons therefor.

(3) In cases where decision under section 37(2) of Land Revenue Code is given against the Government by an Assistant/Deputy Collector in charge of taluka or talukas, the same procedure shall apply mutatis mutandis as in the case of decisions taken by the Assistant /Deputy Collector, not in charge of a taluka or talukas as at in (2) above.

( 4) In cases, where decision under section 37(2) of Land Revenue Code is given against the Government by a survey Officer, the appellate or revisional jurisdiction is not with the Gujarat Revenue Tribunal but is governed by provisions in chapter XIII of Land Revenue Code. The Survey Officers are either under the administrative control of the Collectors or the Settlement Commissioner and Director of Land Records. Where decision under section 37(2) of Land Revenue Code is given against the Government by a Survey Officer under the administrative control of the Collector, the Survey Officer shall submit the case papers together with a copy of the decision to the Prant Officer, if he is upto the grade of a Mamlatdar and to the Collector if he is above the grade of a Mamlatdar, immediately. The Prant Officer or the Collector, as the case may be, shall examine the records of the case and shall determine, within seven days of the receipt of the papers, whether the decision requires to be revised under section 211 of Land Revenue Code and take action accordingly. In cases, where the Prant Officer does not find it necessary to institute proceedings under section 211 of Land Revenue Code, he shall submit the case papers immediately to the Collector together with the reasons for his finding. The Collector shall examine the records of the case and decide within 7 days of the receipt of the papers whether appropriate proceedings under section 211 of Land Revenue Code be instituted or not in such cases. In case, he decides not to institute such proceedings, he shall also record his reasons therefor. In cases, where he decides to institute proceedings under section 211, he should proceed forthwith accordingly. The Collector shall decide finally in such cases within a week of receipt of the papers whether the decision requires modification etc. and shall record his reasons if he considers that no modification is necessary.

In cases where decision under section 37(2) of Land Revenue Code is given against the Government by a Survey Officer, not under the administrative control of the Collector, that survey officer shall submit the case papers together with a copy of the decision to the Settlement Commissioner and Director of Land Records immediately. The Settlement Commissioner and Director of Land Records shall examine the records of the case and decide within 7 days of the receipt of the papers whether appropriate proceedings under section 211 of Land Revenue Code be instituted in such cases. In case, he decides not to institute such proceedings, he shall record his reasons therefor. In cases, where he decides to institute proceedings under section 211 of Land Revenue Code, he should proceed forthwith accordingly.

Government will also have revisional jurisdiction in cases, where the appellate and revisional jurisdiction is not with the Gujarat Revenue Tribunal.

K.N. Zutshi
Secretary to the Government of Gujarat,
Revenue Department.

Copy to

All Collectors/The Settlement Commissioner & Director of Land Records, Ahmedabad /The Deputy Secretary(Inspection) Revenue Department.

Below copy of Government Rev.Deptt.Circular No.[illegible] /1071/73619/L dated 7th December,1971 reg.Formal Inquiries under Sec.37(2)of Land Revenue Code....cases decided against Govt.Review of..

-----

No.IN/LND II/49
Revenue Department(Insp.Wing)
Sachivalaya,Gandhinagar.
Dated:- 18-12-71.

Forwarded with compliments to:-

1. Team No.1
2. Team No.2.

Deputy Collector(Insp).
Revenue Department.

Delegation of powers under section 37(2) of Bombay Land Revenue Code, 1879. In respect of Nagar Panchayats, Municipal areas and District/Taluka head quarters. Recommendation of Task Force Committee of Revenue Deptt.,

Government of Gujarat,
Revenue Department,
Resolution No. JMT - 1076 - 104365 - L,
Sachivalaya, Gandhinagar, Dated the 18th October, 1976.

Read : - Government Resolution, R & A.D. No. LEN-1064-46564-L, dated 1st February, 1965.

RESOLUTION : - In Supersession of the orders contained in the Government Resolution quoted above, Government is pleased to direct that Collectors should delegate powers under section 37(2) of the Land Revenue Code to the Mamlatdars and to the Mahalkaries appointed under section 13 of the Land Revenue Code, by name as well as by virtue of office and to the Prant Officers in the following manner : -

| | | |
|---|---|---|
| 1. | Mamlatdars and Mahalkaries. | All villages within their jurisdiction excluding village/villages falling within Nagar Panchayat and Municipal areas and Taluka and District Head-quarters/towns. |
| 2. | Prant Officers | Village/villages falling within Nagar Panchayat and Municipal areas and Taluka and District Headquarters/ towns. |

This issues on this department file of even number.

By order and in the name of the Governor of Gujarat,

N. GOPALASWAMI,
Deputy Secretary to the Government of Gujarat,
Revenue Department.

To.

All Collectors,/ All District Development Officers,
All Prant Officers,/ All Mamlatdars/ All Taluka Dev. Officers,
The Supdt. of Land Records, Ahmedabad, Baroda & Rajkot.
The Settlement Commissioner & Director of Land Records, Ahmedabad,
The Spl.Secretary, Revenue Deptt., Ahmedabad.
The Spl.Secretary & Commissioner of Land Reforms, Gandhinagar,
The Panchayats, Housing & Urban Development Department,
The Agriculture, Forests & Cooperation Department / F.Br.,
All Branches of R.D. (Except B1 Br.),
The R.D. "B-1" Br. w.r. to its endorsement No. MTG-1076-79601-B1, dated 4-9-1976 and 13-9-1976.

The Select file.

Below Government Circular, Revenue Department No. 1168/106040/L dated 17th February, 1969.

******

No. L.N.D.S.O.
Revenue Department (Insp. Wing)
Sachivalaya, Ahmedabad-15.
Dated:- 12-3-69.

Copy to:-

(1) Inspection Unit No.1

(2) Inspection Unit No.2

(3) Deputy Collector (Inspection).

Deputy Collector (Inspection)
Revenue Department.

નં. મેજી/ન. ૩-૨૦૮૧-૭૬

ભાવનગર કલેકટરેટ,
ભાવનગર, તા. [illegible]-૧૧-૧૯૭૬

વિષય:- ફો. રે. કો. કલમ ૩૭:૨: નીચે અધિકારો એનાયત કરવા બાબત.

વંચાણે લીધા:- ૧. આ. કમિશ્નરના તા. ૪-૬-૧૯૭૬ના નોટીફીકેશન નં. એડીએમ/પોડબલ્યુઆર. માગ. ૩-૬૬
૨. સરકારશ્રીના તા. ૧૮-૧૦-૧૯૭૬ના પરીપત્ર નંબર એમપટી. ૧૦૭૬-૧૦૪૩૬૫-અલ

## નોટીફીકેશન :-

આ. કમિશ્નરના તા. ૪-૬-૧૯૭૬ના નોટીફીકેશનથી ફો. રે. કો. ક. ૩૭:૨: નીચે કાર્યવાહી કરવાને લેન્ડ રેવન્યુ રૂલ્સ નીચે વર્ગીકરણ થયેલ વર્ગ-૧ના ગામોએ જે તે વિભાગના પ્રાન્ત ઓફીસરશ્રીને તથા વર્ગ-૨ના ગામોએ જે તે તાલુકા-મહાલના મામલતદાર-મહાલકારીશ્રીઓને અધિકારો એનાયત કરવામાં આવેલ છે.

સરકારશ્રીના તા. ૧૮-૧૦-૧૯૭૬ના પરીપત્ર મુજબ નવેસરથી અધિકારો આપવા સુચના મળતાં તે મુજબ ઉપરોકત નોટીફીકેશન આથી રદ કરવામાં આવે છે અને સરકારશ્રીના તા. ૧૮-૧૦-૭૬ના પરીપત્ર મુજબ હવે નગર-પંચાયત જાહેર સુધરાઇ વિસ્તાર તથા તાલુકા જીલ્લા હેડ કવાર્ટર મથકોએ લેન્ડ રેવન્યુ કોડ કલમ ૩૭:૨: નીચે પ્રાન્ત અધિકારીશ્રીએ xxxxxxxxxx કાર્યવાહી કરવાની રહે છે. તથા તાલુકા-મહાલના અન્ય ગામોએ જે તે મામલતદાર-મહાલકારીશ્રીએ કાર્યવાહી કરવાની રહે છે અને તે મુજબ નીચે પ્રમાણે અધિકાર એનાયત કરવા હુકમ કરવામાં આવે છે :-

| અધિકારીશ્રીનું નામ અને હોદ્દો. | કાર્યક્ષેત્રનો વિસ્તાર. | એનાયત કરવાના અધિકારની વિગત. |
|---|---|---|
| ૧. શ્રી. કે. એસ. સુગાન આસી. કલેકટરશ્રી, મહુવા. | મહુવા સબ-ડીવીઝન. | મહુવા, સાવરકુંડલા મ્યુનિ. વિસ્તાર તથા તળાજા નગર પંચાયત વિસ્તાર |
| ૨. શ્રી. ગુર ચરણસિંગ આસી. કલેકટરશ્રી, પાલીતાણા. | પાલીતાણા સબ-ડીવીઝન. | પાલીતાણા, બોટાદ મ્યુની. વિસ્તાર. તથા વલ્લભીપુર, ગઢડા, સિહોર નગર પંચાયત વિસ્તાર તથા તાલુકાનો હેડ કવાર્ટર. |
| ૩. શ્રી. કે. બી. જાડેજા ડેપ્યુટી કલેકટરશ્રી, ભાવનગર. | ભાવનગર-સબ-ડીવીઝન. | ભાવનગર મ્યુનિ. વિસ્તાર તથા ઘોઘા [illegible] હેડ કવાર્ટર. |
| ૪. શ્રી. જે. જી. દવે મામલતદારશ્રી, ભાવનગર. | ભાવનગર તાલુકા | ભાવનગર મ્યુનિ. વિસ્તાર સિવાયના તાલુકાના તમામ ગામો. |
| ૫. શ્રી. આર. એસ. [illegible] મામલતદારશ્રી પાલીતાણા. | પાલીતાણા " | પાલીતાણા મ્યુનિ. વિસ્તાર સિવાય તાલુકાના તમામ ગામો. |

| | | |
|---|---|---|
| ૬. શ્રી. જી. એન. શેઠ<br>મામલતદારશ્રી, બોટાદ | બોટાદ તાલુકા | બોટાદ મ્યુની. વિસ્તાર સીવાયના તાલુકાના તમામ ગામો. |
| ૭. શ્રી. બી. એ. શુકલ<br>મામલતદારશ્રી, મહુવા | મહુવા " | મહુવા મ્યુનિ. વિસ્તાર સીવાયના તાલુકાના તમામ ગામો. |
| ૮. શ્રી. એમ. કે. ઉપાધ્યાય<br>મામલતદારશ્રી સાવરકુંડલા. | સાવરકુંડલા " | સાવરકુંડલા મ્યુનિ. વિસ્તાર સીવાયના તાલુકાના તમામ ગામો. |
| ૯. શ્રી. એન. આર. લહુનવાલા<br>મામલતદારશ્રી સીહોર | સીહોર " | સીહોર નગરપંચાયત વિસ્તાર સીવાય તાલુકાના તમામ ગામો. |
| ૧૦. શ્રી. એમ. પી. પંડ્યા<br>મામલતદારશ્રી<br>ગારીયાધાર. | ગારીયાધાર." | ગારીયાધાર તાલુકા મથક સીવાયના તમામ ગામો. |
| ૧૧. શ્રી. ડી. પી. ભટ્ટ<br>મામલતદારશ્રી ઉમરાળા. | ઉમરાળા " | ઉમરાળા તાલુકા મથક સીવાય તાલુકાના તમામ ગામો. |
| ૧૨. શ્રી. આર. સી. વાઘેલા<br>મામલતદારશ્રી ગઢડા | ગઢડા " | ગઢડા નગરપંચાયત સીવાય તાલુકાના તમામ ગામો. |
| ૧૩. શ્રી. જે. જે. દવે<br>મામલતદારશ્રી તળાજા. | તળાજા " | તળાજા નગરપંચાયત સીવાયના તાલુકાના તમામ ગામો. |
| ૧૪. શ્રી. એસ. આર. પંડયા<br>મહાલકારીશ્રી<br>વલ્લભીપુર. | વલ્લભીપુર મહાલ | વલ્લભીપુર નગરપંચાયત વિસ્તાર સીવાય મહાલના તમામ ગામો. |
| ૧૫. શ્રી. એસ. આર. દવે<br>મહાલકારીશ્રી ઘોઘા | ઘોઘા " | ઘોઘા તાલુકા મથક સીવાય મહાલના તમામ ગામો. |

સહી: આર. રામભદ્રન, :
કલેકટર,
ભાવનગર જીલ્લો, ભાવનગર.

લેન્ડ રેવન્યુ કોડની કલમ-૩૭(૨)
હેઠળની તપાસ બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: જમન-૧૦૭૯/યુ.ઓ. ૬૧૪-લ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ: સપ્ટેમ્બર, ૧૯૭૯.
૯, ૨૧

વંચાણમાં લીધા :-

| | | | |
|---|---|---|---|
| ૧. | સરકારી | પરિપત્ર | નં. એલઇએન-૧૦૬૦/૬૭૩૫૬-લ, તા. ૩૦-૧-૧૯૬૧. |
| ૨. | " | " | નં. એલઇએન-૧૦૬૦/૩૨૭૭૧-લ, તા. ૪-૬-૧૯૬૩. |
| ૩. | " | " | નં. એલઇએન-૧૦૬૪/૯૫૧૭૮-લ, તા. ૧૧-૧૧-૧૯૬૪. |
| ૪. | " | " | નં. એલઇએન-૨૦૬૫/૧૧૯૪૯-લ, તા. ૩૦-૩-૧૯૬૫. |
| ૫. | " | " | નં. જમન-૧૧૬૬/૪૨૭૭-લ, તા. ૬-૨-૧૯૬૭. |
| ૬. | " | " | નં. એસ-૩૦/૧૦૮૮૮૯-લ, તા. ૮-૫-૧૯૬૭. |
| ૭. | " | " | નં. જમન-૧૧૬૮/૧૦૬૬૪૮-લ, તા. ૧૭-૨-૧૯૬૯. |
| ૮. | " | " | નં. જમન-૧૦૬૯/૮૨૯૫૬-લ, તા. ૩-૧૦-૧૯૭૦. |
| ૯. | " | " | નં. જમન-૧૦૭૦/૧૧૧૫૪૪-લ, તા. ૨૭-૧૧-૧૯૭૦. |
| ૧૦. | " | " | નં. જમન-૧૦૭૦/૧૩૬૭૨-લ, તા. ૨૫-૨-૧૯૭૧. |
| ૧૧. | " | " | નં. જમન-૧૦૭૧/૭૩૬૧૯-લ, તા. ૭-૧૨-૧૯૭૧. |
| ૧૨. | " | " | નં. જમન-૧૦૭૧/૧૬૬૮-લ, તા. ૬-૨-૧૯૭૩. |
| ૧૩. | " | " | નં. જમન-૧૦૭૩/૫૭૪૨૦-લ, તા. ૧૨-૯-૧૯૭૩. |
| ૧૪. | " | ઠરાવ | નં. જમન-૧૦૭૬/૧૦૪૩૬૫-લ, તા. ૧૮-૧૦-૧૯૭૬. |

: : : : : : :

પ રિ પ ત્ર :-

જમીન મહેસૂલ સંહિતાની કલમ-૩૭(૨) હેઠળની હકક ચોકસીની તપાસના કામે સરકાર તરફથી બહાર પાડવામાં આવેલા, ઉપર દર્શાવેલા તમામ હુકમોનું સંકલન કરી આ સંકલિત પરિપત્ર કરવામાં આવે છે.

૧. જમીન મહેસૂલ સંહિતાની કલમ-૧૨ હેઠળ નિમવામાં આવતાં મામલતદારો તથા કલમ-૧૩ હેઠળ નિમણુંક મેળવતાં મહાલકારીઓને તેઓના નામજોગ તથા હોદ્દાની રુએ અને પ્રાંત ઓફિસરોને જમીન મહેસૂલ સંહિતાની કલમ-૩૭(૨) હેઠળની હકક-ચોકસીની તપાસની સત્તાઓ નીચેની વિગતે આપવી :-

| | |
|---|---|
| (અ) મામલતદારો અને મહાલકારીઓ. | તેમની સત્તા હેઠળના તમામ ગામોની, સિવાય કે જે ગામો/ગ્રામ, નગર પંચાયત અને મ્યુનિસિપલ વિસ્તારના હોય અને તાલુકા તથા જિલ્લાના હેડક્વાર્ટરના શહેરો હોય. |
| (બ) પ્રાંત ઓફિસરો. | જે ગામ/ગ્રામ, નગર પંચાયત અને મ્યુનિસિપલ વિસ્તારના હોય અને તાલુકા તથા જિલ્લા હેડક્વાર્ટરના શહેરો હોય. |

૨. જમીન મહેસૂલ સંહિતાની કલમ-૩૭(૨) હેઠળ હકક ચોકસીની તપાસમાં નિર્ણય સરકાર વિરૂધ્ધ જાય તેવા નિર્ણયો ઉપરી અધિકારીઓ પુનઃ વિચારણામાં લે છે અને અમુક કેસોમાં અપીલો પણ થાય છે. તે દરમ્યાન તાબાના અધિકારીના હુકમને આધારે રેકર્ડમાં નોંધ કરવામાં આવે છે અને જમીન માલિક તે જમીન તારણમાં મુકી લોન લે છે. આવા કેસોમાં પુનઃ વિચારણા કે અપીલમાં સરકારની તરફેણમાં પાછળથી નિર્ણય થતાં ધિરાણ કરનાર સંસ્થા મુશ્કેલીમાં મુકાઇ જાય છે. આ પરિસ્થિતિ અટકાવવા માટે જયારે કલમ - ૩૭(૨) ની તપાસનો નિર્ણય સરકાર વિરૂધ્ધ જાય ત્યારે પુનઃ વિચારણા અને અપીલની સમય મર્યાદાઓ લક્ષમાં રાખી સલામત સમય પસાર થયા બાદ વ્યકિતનું નામ મહેસૂલી દફતરમાં દાખલ કરવા તજવીજ હાથ ધરવી.

૩. ગુજરાત હાઇકોર્ટના નીચે દર્શાવેલા ચુકાદા તથા સમીક્ષા અરજી ઉપરના મહેસૂલ પંચના ચુકાદામાં જણાવ્યા મુજબ ત્રીજી વ્યકિત કે જે અપીલમાં કોઇપણ પક્ષે પક્ષકાર ન હોય તો પણ જો તકરારવાળી બાબતમાં જો તેવી વ્યકિતને રસ હોય અથવા તો તેમના હકકને અસર પહોંચવાની હોય, તો તેવી વ્યકિતને અરજી / અપીલનો નિકાલ કરતી વખતે જો તેઓ પક્ષકાર થવા અરજી કરે તો તેમને સાંભળવાની તક મળવી જોઇએ. આથી જયારે આવા કિસ્સા ઉભા થાય ત્યારે આ ચુકાદા લક્ષમાં રાખી જરૂરી કાર્યવાહી કરવા સર્વે કલેકટરો / જિલ્લા વિકાસ અધિકારીઓને વિનંતી છે.

| | હાઇકોર્ટના ચુકાદાઓ. | ગુજરાત લૉ રીપોર્ટર. |
|---|---|---|
| ૧. | શ્રી રામજી ઉકાભાઇ પરમાર<br>વિરૂધ્ધ<br>શ્રી મણીલાલ પરસોતમદાસ. | વોલ્યુમ-૧ પાના ક્રમાંક:૫૩. |
| ૨. | શ્રી પુંજાભાઇ કાહયાભાઇ પટેલ<br>વિરૂધ્ધ<br>શ્રી શાહ જયંતિલાલ મણીલાલ<br>અને બીજાઓ. | ગુજરાત લૉ રીપોર્ટર.<br><br>વોલ્યુમ-૬ પાના ૮૪૯. |

૪. જમીન મહેસૂલ સંહિતાની કલમ ૩૭(૨) હેઠળની તપાસના અંતે સરકારના હિત વિરૂધ્ધનો નિર્ણય મામલતદારોએ, સર્વે ઓફિસરોએ, મદદનીશ/

નાયબ કલેક્ટરશ્રી કે જેઓ તાલુકા અગર તાલુકાઓના ચાર્જમાં હોય. અને બીજા નાયબ કલેક્ટરશ્રીઓએ આપેલ હોય તેવા તુમારો અંગે નીચેની સુચનાઓ આપવામાં આવે છે. મામલતદારો અને મદદનીશ/નાયબ કલેક્ટરશ્રીઓ કે જે તાલુકા અગર તાલુકાઓના ચાર્જમાં ન હોય તેમને જમીન મહેસૂલ સંહિતાની કલમ-૩૭(૨) હેઠળની કલેક્ટરશ્રીની સત્તાઓ સુપ્રત કરવામાં આવેલ હોવાથી તેઓ કલેક્ટરશ્રીના પ્રતિનિધિઓ છે. આ અધિકારીઓ જમીન મહેસૂલ સંહિતાની કલમ-૩૭(૨) હેઠળ હુકમો કરે ત્યારે તેઓ કલેક્ટર તરીકે ફરજો બજાવતા હોય છે. માપણી અધિકારીઓ અને મદદનીશ/નાયબ કલેક્ટરો કે જેઓ તાલુકા અગર તો તાલુકાઓના ચાર્જમાં હોય તેઓ, તેમને કાયદાકીય જોગવાઈઓ હેઠળ હોદ્દાની રૂઈએ મળેલ સત્તાઓ મુજબ વર્તે છે.

૫. જમીન મહેસૂલ સંહિતાની કલમ-૩૭(૨) હેઠળની તપાસના અંતે સરકારની હિત વિરુધ્ધનો ચુકાદો મામલતદારે આપેલ હોય તો તેમણે તે તુમાર ચુકાદાની નકલ સાથે પ્રાંત અધિકારીને તુરત જ મોકલી આપવો. પ્રાંત અધિકારી તુમાર તપાસી સદરહુ ચુકાદા વિરુધ્ધ મહેસૂલ પંચમાં વિવાદ કરવો કે કેમ તે અંગે નિર્ણય કરશે. પ્રાંત અધિકારી આવો નિર્ણય તુમાર મળેથી સાત દિવસમાં જ લેશે.

૬. જો પ્રાંત અધિકારીને જે તે તુમાર તપાસતાં મહેસૂલ-પંચમાં વિવાદ દાખલ કરવા યોગ્ય તુમાર જણાય તો તેમણે તે તુમાર મહેસૂલ પંચમાં વિવાદ દાખલ કરવા મહેસૂલ પંચના સરકારી વકીલશ્રીને મોકલી આપવો અને કલેક્ટરને તેની જાણ કરવી. પરંતુ પ્રાંત અધિકારીને એમ લાગે કે, વિવાદ દાખલ કરવા યોગ્ય તુમાર નથી તો તેઓશ્રીએ તેઓના તેવા નિર્ણય અંગે તારવેલ કારણો વિગતવાર રીતે દર્શાવતો અહેવાલ કલેક્ટરને તુમાર સાથે તુરત જ સાદર કરવો. કલેક્ટર તુમાર મળેથી સાત દિવસમાં મહેસૂલ પંચમાં વિવાદ કરવો કે કેમ તે અંગેનો નિર્ણય લેશે. જો કલેક્ટર એવા નિર્ણય ઉપર આવે કે વિવાદ દાખલ કરવાની જરૂર નથી તો તેમણે તે અંગે તારવેલ કારણો તે તુમાર ઉપર દર્શાવવા. જો કલેક્ટરને તે કેસ અંગે મહેસૂલ પંચમાં વિવાદ દાખલ કરવો યોગ્ય જણાય તો વિવાદ અરજી મહેસૂલ પંચમાં દાખલ કરવા તેમણે તુમાર મહેસૂલ પંચના સરકારી વકીલને તુરત જ મોકલી આપવો.

૭. જમીન મહેસૂલ સંહિતાની કલમ-૩૭(૨) હેઠળ સરકારની વિરુધ્ધનો નિર્ણય જો મદદનીશ/નાયબ કલેક્ટર કે જે તાલુકા અગર તાલુકાઓના ચાર્જમાં ન હોય તેઓએ લીધો હોય તો, તેવા મદદનીશ/નાયબ કલેક્ટરે તે તુમાર તેમના હુકમોની નકલ સાથે કલેક્ટરને તુરત જ મોકલી આપવો. કલેક્ટર તે

તુમાર તપાસી તેમાં મહેસૂલ પંચમાં વિવાદ દાખલ કરવો કે કેમ તે અંગે નિર્ણય લેશે. કલેક્ટરે નિર્ણય, મદદનીશ/કલેક્ટર અગર નાયબ કલેક્ટર તરફથી કેસના કાગળો મળેથી ૭ દિવસની અંદર કરવાનો રહેશે. જો કલેક્ટરને તે તુમાર મહેસૂલ પંચમાં વિવાદ દાખલ કરવા યોગ્ય જણાય તો તુમાર મહેસૂલ પંચના સરકારી વકીલને મહેસૂલ પંચમાં વિવાદ દાખલ કરવા માટે તુરત જ મોકલી આપશે. જો કલેક્ટરને એમ જણાય કે વિવાદ દાખલ કરવાની જરૂર નથી તો તેમણે તે અંગેના કારણોની નોંધ તુમારમાં કરવી.

૮. જમીન મહેસૂલ સંહિતાની કલમ-૩૭(૨) હેઠળની ચુકાદો મદદનીશ/નાયબ કલેક્ટર કે જેઓ તાલુકા અગર તાલુકાઓના હવાલામાં હોય તેઓએ આપ્યો હોય તો તેમના ચુકાદા વિરુદ્ધ વિવાદની સત્તા મહેસૂલ પંચને નથી. આથી આવા ચુકાદાઓ અંગે જમીન મહેસૂલ સંહિતાના પ્રકરણ - ૧૩ માં દર્શાવ્યા મુજબ કાર્યવાહી કરવી. જમીન મહેસૂલ સંહિતાની કલમ-૩૭(૨) અંગેની નાયબ કલેક્ટર/મદદનીશ કલેક્ટરની ચુકાદો સરકારની વિરુદ્ધની હોય તો તેમણે તે અંગેની તુમાર તેમના ચુકાદાની નકલ સાથે કલેક્ટરને તુરત જ મોકલી આપવો. મદદનીશ/નાયબ કલેક્ટરે આપેલ ચુકાદો જમીન મહેસૂલ સંહિતાની કલમ-૨૧૧ હેઠળ ફેર તપાસમાં લેવો કે કેમ તે અંગેનો નિર્ણય કલેક્ટર, તુમાર મળેથી ૭ દિવસની અંદર કરશે અને તે અંગેની આગળની કાર્યવાહી કરશે. કલેક્ટરને એમ લાગે કે જમીન મહેસૂલ સંહિતાની કલમ-૨૧૧ હેઠળ કાર્યવાહી કરવાની જરૂર નથી, તો તેમણે તે અંગેના કારણોની નોંધ તુમારમાં કરવી.

૯. જમીન મહેસૂલ સંહિતાની કલમ-૩૭(૨) હેઠળની ચુકાદો સરકાર વિરુદ્ધ જો માપણી અમલદારોએ આપેલો હોય તો તે ચુકાદા વિરુદ્ધ વિવાદ સાંભળવાની અથવા તેને ફેર તપાસમાં લેવાની સત્તા મહેસૂલ પંચને ન હોવાથી આવા ચુકાદાઓ અંગે જમીન મહેસૂલ સંહિતાના પ્રકરણ-૧૩ ની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવી. માપણી અમલદારો કાં તો કલેક્ટરનાં તાબા નીચે હોય છે અગર તો સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકના તાબા નીચે હોય છે. જો કલેક્ટરના વહીવટીય તાબા હેઠળના માપણી અમલદારોએ જમીન મહેસૂલ સંહિતાની કલમ-૩૭(૨) હેઠળ સરકાર વિરુદ્ધ ચુકાદો આપેલો હોય અને તેઓ મામલતદાર સંવર્ગની સમકક્ષ હોય તો તેવા માપણી અમલદારોએ

તે તુમાર તેમના ચુકાદાની નકલ સાથે પ્રાંત અધિકારીને મોકલવો અને જો તેઓ મામલતદારથી ઉપલી કક્ષાના અધિકારી હોય તો તેઓના ચુકાદાની નકલ સાથે તુમાર કલેક્ટરને તુરત જ મોકલી આપવો. પ્રાંત અધિકારી અગર તો કલેક્ટર આવો તુમાર મળેથી ૭ (સાત) દિવસની અંદર જમીન મહેસૂલ સંહિતાની કલમ-૨૧૧ હેઠળ તેવો ચુકાદો ફેર તપાસમાં લેવો કે કેમ તેનો નિર્ણય કરશે. જો પ્રાંત અધિકારી જમીન મહેસૂલ સંહિતાની કલમ-૨૧૧ હેઠળ ચુકાદો ફેર તપાસમાં ન કરવાનો નિર્ણય કરે તો તેમણે તે અંગેના કારણોની નોંધ કરી તે તુમાર તુરત જ કલેક્ટરને તેમના અહેવાલ સાથે મોકલી આપવો. કલેક્ટર આવો તુમાર મળેથી જમીન મહેસૂલ સંહિતાની કલમ-૨૧૧ હેઠળ કાર્યવાહી કરવી કે કેમ તે અંગેનો નિર્ણય ૭ દિવસમાં કરશે. જો કલેક્ટર ચુકાદાને ફેર તપાસમાં ન લેવો તેવો નિર્ણય કરે તો તેમણે તે અંગેનાં તેમના કારણો તુમારમાં નોંધવા. જો કલેક્ટરને જમીન મહેસૂલ સંહિતાની કલમ-૨૧૧ હેઠળ કાર્યવાહી કરવા યોગ્ય તુમાર જણાય તો તેમણે તે કાર્યવાહી તુરત જ શરૂ કરવી. કલેક્ટર આવા તુમારોનો અઠવાડિયામાં જ નિર્ણય લેશે. જો ફેર તપાસને અવકાશ ન હોય તો તે અંગેના તેમના કારણો તેઓ તુમારમાં નોંધશે. કલેક્ટરના તાબાના ન હોય તેવા માપણી અમલદારે જો જમીન મહેસૂલ સંહિતાની કલમ-૩૭(૨) હેઠળ સરકાર વિરુદ્ધ ચુકાદો આપેલ હોય તો તેમણે તે તુમાર તેમના ચુકાદાની નકલ સાથે સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રીને તુરત જ મોકલી આપવો. સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામક આવો તુમાર મળેથી ૭ દિવસની અંદર જ જમીન મહેસૂલ સંહિતાની કલમ-૨૧૧ હેઠળ ચુકાદો ફેર તપાસમાં લેવાની જરૂર છે કે કેમ તે અંગેનો નિર્ણય કરશે. જો તેઓ ફેર તપાસવાની જરૂર નથી તેવો નિર્ણય કરે તો તેમના કારણો તુમારમાં નોંધશે. જો સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રી એવા નિર્ણય ઉપર આવે કે જમીન મહેસૂલ સંહિતાની કલમ-૨૧૧ હેઠળ ફેર તપાસમાં લેવા યોગ્ય તુમાર છે, તો તેમણે તે અંગેની કાર્યવાહી તુરત જ શરૂ કરવી.

૧૦. વિવાદની તથા ફેર તપાસમાં લેવાની સત્તા જે કેસોમાં મહેસૂલ પંચને નથી, તેવા કેસોમાં ફેર તપાસની સત્તા સરકારના મહેસૂલ વિભાગને છે.

૧૧. જમીન મહેસૂલ સંહિતાની કલમ-૩૭(૨) હેઠળની તપાસનાં અંતે કે તાબાના અધિકારીઓના આવા ઠરાવો સામે અપીલ કરવામાં આવે

હોય, અથવા રીવીઝનમાં લીધા હોય અને કલેક્ટરશ્રી અથવા સેટલમેન્ટ કમિશ્નરશ્રી અને જમીન દફતર નિયામકશ્રી પોતે જ સરકાર વિરુધ્ધનો ચુકાદો આપે ત્યારે તેવા કિસ્સામાં ઉક્ત કલમ હેઠળ લેવાયેલા નિર્ણયમાં સુધારો કરવા કે તે રદ કરવા અથવા ગુજરાત મહેસૂલ પંચમાં હાઇકોર્ટમાં કે બીજી યોગ્ય કોર્ટમાં અપીલ કરવી કે કેમ તે અંગે વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવા તે ચુકાદાની નકલ ચુકાદાની તારીખ બાદ તુરત એક સપ્તાહમાં સરકારને મોકલી આપવાની આથી તમામ જિલ્લા કલેક્ટરોને અને સેટલમેન્ટ કમિશ્નરશ્રીને વિનંતી કરવામાં આવે છે.

આ હુકમો અગાઉના સરકારના આ વિષય સંબંધી ઉપર દર્શાવેલ તમામ હુકમોનું સંકલન કરીને બહાર પાડવામાં આવેલ છે. જ્યાં નાણા ખાતાની મંજુરીની જરુર હતી ત્યાં આ ખાતાની સંબંધિત ફાઇલ ઉપર મંજુરી લેવામાં આવેલ હોવાથી ઉક્ત તમામ હુકમોને બદલે આ હુકમ મુજબ રાજ્યમાં અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

ઇ. એ. પટેલ
ઉપ સચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

લેન્ડ રેવન્યુ કોડની કલમ-૩૭ (૨) હેઠળની
તપાસ બાબત...
-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર નં. જમન-૧૦૮૭-૩૮૦૭-લ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૩૦-૪-૧૯૮૮.

સંદર્ભ:- પરિપત્ર નં. જમન-૧૦૭૯-યુ.ઓ.-૬૧૪-લ, તા.૯-૧૧-૭૯.

પ રિ પ ત્ર :-

મુંબઇ જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ -૧૨ માં થયેલ સુધારા મુજબ મામલતદારે કરેલ નિર્ણય અથવા હુકમ હવે અધિનિયમના પ્રકરણ-૧૩ ની જોગવાઇને આધીન હોઇ કલમ-૩૭ (૨) હેઠળના હકક ચોકસીના કેસોમાં અનુસરવાની કાર્યપધ્ધતિ અંગે સંદર્ભમાં જણાવેલ તારીખ ૯-૧૧-૭૯ ના પરિપત્રની સૂચનાઓમાં આંશિક સુધારો કરી હકક ચોકસીના કેસોમાં નીચેની કાર્યપધ્ધતિ અનુસરવા સૂચના આપવામાં આવે છે.

(૧) જમીન મહેસૂલ સંહિતાની કલમ-૧૨ માં થયેલ સુધારા મુજબ મામલતદારે કરેલ નિર્ણય કે હુકમ પ્રકરણ-૧૩ ની જોગવાઇને આધિન હોઇ, હવે મામલતદાર દ્વારા જમીન મહેસૂલ સંહિતાની કલમ-૩૭ (૨) હેઠળની તપાસના કેસોમાં કરવામાં આવતા નિર્ણય કે હુકમ સામે નાયબ કલેકટરશ્રીને અપીલ થઇ શકશે.

(૨) મામલતદાર તરફથી સરકારના હિત વિરુધ્ધ અપાયેલ ચુકાદામાં તેમણે ચુકાદાની નકલ સાથે કાગળો તરત જ એટલે કે ચુકાદાના એક સાત દિવસમાં પ્રાંત અધિકારીને મોકલી આપવા.

(૩) પ્રાંત અધિકારીએ તેમને મળેલ તુમાર સરકારના હકક/હિત અંગે પૂરતી વિચારણા કરી જમીન મહેસૂલ અધિનિયમની કલમ - ૨૧૧ હેઠળ રીવીઝનમાં લેવા પાત્ર છે, કે નહીં તે નકકી કરવાનું રહેશે. જો રીવીઝનમાં લેવા પાત્ર જણાય તો તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે, પરંતુ જો પ્રાંત અધિકારીશ્રી મામલતદારના ચુકાદા સાથે સંમત થાય તો તેમણે તે અંગેના કારણોની નોંધ સાથે કાગળો તુમાર મળ્યાની તારીખથી સાત દિવસમાં જીલ્લા કલેકટરશ્રીને મોકલવાના રહેશે.

(૪) કલેકટરશ્રીએ તેમને મળેલ તુમાર રીવીઝનમાં લેવા યોગ્ય જણાય તો તે મુજબ કાર્યવાહી કરી હુકમો કરવાના રહેશે. પરંતુ તેઓ પ્રાંત અધિકારીના નિર્ણય સાથે સંમત થાય તો તેમણે કાગળો તેમને મળ્યાની તારીખથી સાત દિવસમાં સરકારમાં મોકલવાના રહેશે.

૨: આ પરિપત્ર અન્વયે ઠરાવવામાં આવેલ સમય મર્યાદાનું ચુસ્તપણે પાલન થાય તેની પૂરતી તકેદારી રાખવાની જવાબદારી જે તે અધિકારીની રહેશે.

૩: જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૧૨૭માં થયેલ સુધારાની સાથે સંકળાયેલ અન્ય સૂચનાઓ તા. [illegible] ના પરિપત્ર મુજબ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(૪)

દિલીપ [illegible]

ઉપ સચિવ,

મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

નં:જમીન મહેસુલ અધિનિયમની કલમ-૩૭:૨: હેઠળની તપાસ બાબત.

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:જમન-૧૦૮૭-૩૮૦૭-લ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૧ :૧૦:૧૯૮૯:

સંદર્ભ :૧: પરિપત્ર નં.જમન-૧૦૭૯-યુઓ-૬૧૪-લ, તા:૯-૧૧-૭૯.

:૨: પરિપત્ર નં.જમન-૧૦૮૭-૩૮૦૭-લ,
તારીખ :૩૦-૪-૮૯.

<u>સુધારા પરિપત્ર ::-</u>

જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૨ માં થયેલ સુધારાના અનુસંધાને જમીન મહેસુલ કાયદાની કલમ-૩૭:૨: હેઠળના હકક ચોકસીના કેસોમાં અનુસરવા માટેની પધ્ધતિ બાબતે સંદર્ભ-૨ હેઠળના તા:૩૦-૪-૮૮ના પરિપત્રથી જરૂરી સુચના આપવામાં આવેલ છે. જમીન મહેસુલ અધિનિયમની કલમ-૨૧૧ મુજબ પધ્ધતિસરની તપાસ થયેલ કેસો મદદનીશ :નાયબ કલેકટરશ્રી રીવીઝનમાં લઇ શકે નહી. તેના અનુસંધાને સંદર્ભ-૨ હેઠળના તા:૩૦-૪-૮૯ના પરિપત્રના ફકરા-૧ના પેટા ફકરા-૩ અને ૪ અન્વયે નીચે મુજબ સુધારો બહાર પાડવામાં આવે છે.

૨: સંદર્ભ-૨ હેઠળના તા:૩૦-૪-૮૯ના પરિપત્રના ફકરા-૧ ના પેટા ફકરા: ૩ અને ૪ હવે નીચે મુજબ વાંચવા.

૩: પ્રાંત અધિકારીએ તેમને મળેલ તુમાર સરકારના હકક :હીત અંગે પુરતી વિચારણા કરી જમીન મહેસુલ અધિનિયમની કલમ-૨૧૧ હેઠળ રીવીઝનમાં લેવા પાત્ર જણાય તો તે અંગેના કારણો અને અભિપ્રાય સહિત ઉકત હુકમ રીવીઝનમાં લેવાની ભલામણ સાથે અને જો મામલતદારના ચુકાદા સાથે સંમત થતાં હોય તો તે અંગેનાં કારણોની નોંધ સાથે કાગળો, તુમાર મળયાની તારીખથી સાત દિવસમાં જિલ્લા કલેકટરને મોકલવાના રહેશે. "

૪: કલેકટરે તેમને મળેલ તુમાર રીવીઝનમાં લેવા યોગ્ય જણાય તો તે મુજબ પધ્ધતિસર કાર્યવાહી કરી; વિધિસર હુકમો કરવાના રહેશે. પરંતુ તેઓ પ્રાંત અધિકારીના મામલતદારના ચુકાદા સાથે સંમત થવાના નિર્ણય સાથે સંમત થાય તો તેમણે કાગળો તેમને મળયાની તારીખથી સાત દિવસમાં સરકારમાં મોકલવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે.

દિલીપ ચંદુલાલ
ઉપસચિવ,
મહેસુલ વિભાગ, ગુજરાત-સરકાર.

જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૩૭(૨)હેઠળની
તપાસ બાબત.

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:જમન-૧૦૮૭-૩૮૦૭-લ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૧૫-૬-૧૯૯૨

વંચાણે લીધા:-

૧ :સરકારી પરિપત્ર નં.એલઇએન-૧૦૬૦-૬૭૩૫૬-લ, તા. ૩૦-૧-૧૯૬૧
૨:સરકારી પરિપત્ર નં.એલઇએન-૧૦૬૦-૪૨૭૭૧-લ, તા. ૪-૬-૧૯૬૩
૩ :સરકારી પરિપત્ર નં.એલઇએન-૧૦૬૪-૯૫૧૭૮-લ, તા. ૧૧-૧૧-૧૯૬૪
૪:સરકારી પરિપત્ર નં.એલઇએન-૨૦૬૫-૧૧૯૪૯-લ, તા. ૩૦-૩-૧૯૬૫
૫:સરકારી પરિપત્ર નં.જમન-૧૧૬૬-૪૨૭૭-લ, તા. ૬-૨-૧૯૬૭
૬ :સરકારી પરિપત્ર નં.એસ. ૩૦/૧૦૮૮૯૯/લ, તા. ૯-૫-૧૯૬૭
૭:સરકારી પરિપત્ર નં.જમન-૧૧૬૮-૧૦૬૬૪૮-લ,તા. ૧૭-૨-૧૯૬૯
૮ :સરકારી પરિપત્ર નં.જમન-૧૦૬૯-૯૨૯૫૬-લ, તા. ૩-૧૦-૧૯૭૦
૯ :સરકારી પરિપત્ર નં.જમન-૧૦૭૦-૧૧૧૫૨૨-લ,તા. ૨૭-૧૧-૧૯૭૦
૧૦:સરકારી પરિપત્ર નં.જમન-૧૦૭૦-૧૩૬૭૨-લ, તા. ૨૫-૨-૧૯૭૧
૧૧:સરકારી પરિપત્ર નં.જમન-૧૦૭૧-૭૩૬૧૯-લ, તા. ૭-૧૨-૧૯૭૧
૧૨:સરકારી પરિપત્ર નં.જમન-૧૦૭૧-૧૬૬૮-લ, તા. ૬-૨-૧૯૭૩
૧૩:સરકારી પરિપત્ર નં.જમન-૧૮૭૩-૫૭૪૨૦-લ, તા. ૧૨-૯-૧૯૭૩
૧૪:સરકારી ઠરાવ નં.જમન-૧૦૭૬-૧૦૪૩૬૫-લ, તા. ૧૮-૧૦-૧૯૭૬
૧૫:સરકારી પરિપત્ર નં.જમન-૧૦૭૯-યુઓ-૬૧૪-લ,તા. ૯-૧૧-૧૯૭૯
૧૬:સરકારી પરિપત્ર નં.જમન-૧૦૮૭-૩૮૦૭-લ, તા. ૩૦-૪-૧૯૮૮
૧૭:સરકારી પરિપત્ર નં.જમન-૧૦૮૭-૩૮૦૭-લ, તા. ૨૧-૧૦-૧૯૮૯

પરિપત્ર:-

જમીન મહેસૂલ સંહિતાની કલમ-૩૭(૨)હેઠળની હકક ચોકસીની તપાસના કામે સરકાર તરફથી બહાર પાડવામાં આવેલા ઉપર દર્શાવેલ તમામ હુકમો સંકલિત કરી તેમજ તેમાં સુધારા વધારા કરી આ પરિપત્ર બહાર પાડવામાં આવે છે. તેથી હવેથી આ પરિપત્ર મુજબ કાર્યવાહી કરવાની રહે છે.

૨. જમીન મહેસૂલ સંહિતાની કલમ-૧૨ હેઠળ નીમવામાં આવતા મામલતદારો તથા કલમ-૧૩ હેઠળ નિમણૂંક મેળવતા મહાલકારીઓને તેઓના નામજોગ તથા હોદ્દાની રુએ અને પ્રાંત અધિકારીઓને મહેસૂલ સંહિતાની કલમ-૩૭(૨) હેઠળની હક્ક ચોકસીની તપાસની સત્તાઓ નીચેની વિગતે આપવી.

| | |
|---|---|
| (અ) મામલતદાર અને મહાલકારી | તેમની સત્તા ક્ષેત્રના તમામ ગામો. (નગર પંચાયત નગરપાલિકા, મહાનગરપાલિકા વિસ્તાર તાલુકા અને જિલ્લા મુખ્ય મથક સિવાય) |
| (બ) પ્રાંત અધિકારી | નગર પંચાયત નગરપાલિકા, મહાનગરપાલિકા વિસ્તાર તેમજ તાલુકા અને જિલ્લા મુખ્ય મથકના ગામો. |

૩. જમીન મહેસૂલ સંહિતાની કલમ-૩૭(૨) હેઠળ હક્ક ચોકસીની તપાસમાં નિર્ણય સરકારની વિરુદ્ધમાં આવે તેવા નિર્ણયો ઉપરી અધિકારીઓ પુનઃ વિચારણામાં લે છે અને સરકારની તરફેણમાં આવે તેવા કેસોમાં અપીલો પણ થાય છે. તે દરમ્યાન તાબાના અધિકારીઓના હુકમને આધારે રેકર્ડમાં નોંધ કરવામાં આવે છે. અને જમીન માલિક તે જમીન તારણમાં મુકી લોન લે છે. આવા કેસોમાં પુનઃ વિચારણા કે અપીલમાં સરકારની તરફેણમાં પાછળથી નિર્ણય થતા ધીરાણ કરનાર સંસ્થા મુશ્કેલીમાં મુકાઇ જાય છે. આ પરિસ્થિતિ અટકાવવા માટે જ્યારે કલમ-૩૭(૨) નીચે તપાસનો નિર્ણય સરકાર વિરુદ્ધ જાય ત્યારે પુનઃ વિચારણા અને અપીલની સમય મર્યાદા લક્ષમાં રાખીને આ પરિપત્ર મુજબ ના.કલે. સક્ષમ અધિકારી અવલોકનમાં લઇ લે ત્યારબાદ જ તે વ્યક્તિનું નામ મહેસૂલી દફતરમાં દાખલ કરવું.

૪. ગુજરાત હાઇકોર્ટના નીચે દર્શાવેલા ચુકાદા તથા સમીક્ષા અરજી ઉપરના મહેસૂલ પંચના ચુકાદામાં જણાવ્યા મુજબ ત્રીજી વ્યક્તિ કે જે અપીલમાં કોઇપણ પક્ષકાર ન હોય તો પણ જો તકરારવાળી બાબતમાં જો તેવી વ્યક્તિને રસ હોય અથવા તો તેમના હક્કને અસર પહોંચવાની હોય તો તેવી વ્યક્તિને અરજી/અપીલનો નિકાલ કરતી વખતે જો તેઓ પક્ષકાર થવા અરજી કરે તો તેમને સાંભળવાની તક આપવી જોઇએ. આથી આવા કિસ્સા ઉપસ્થિત થાય ત્યારે આ ચુકાદા લક્ષમાં રાખી જરૂરી કાર્યવાહી કરવા સર્વે કલેક્ટરોને વિનંતી છે.

| હાઇકોર્ટના ચુકાદાઓ | ગુજરાત લો રીપોર્ટર |
|---|---|
| ૧. રામજી ઉકાભાઇ પરમાર<br>વિરુદ્ધ<br>શ્રી મણીલાલ પરસોત્તમદાસ | વોલ્યુમ-૧ પાન ક્રમાંક-૫૩ |

૨: શ્રી પુંજાભાઇ ડાહ્યાભાઇ પટેલ વોલ્યુમ-૬ પાન.૮૬૯

વિરુધ્ધ

શ્રી જયંતિલાલ મણીલાલ શાહ અને

બીજા

૫. જમીન મહેસુલ સંહિતાની કલમ-૧૨માં થયેલ સુધારા મુજબ મામલતદારે કરેલ નિર્ણય કે હુકમ જમીન મહેસુલ કાયદાના પ્રકરણ-૧૩ની જોગવાઇને આધિન હોઇ, હવે મામલતદાર ધ્વારા જમીન મહેસુલ સંહિતાની કલમ-૭૭(૨)હેઠળની તપાસના કેસમાં કરવામાં આવતા નિર્ણય કે હુકમ સામે નાયબ કલેકટરશ્રીને અપીલ/વિવાદ થઇ શકશે.

૬. જમીન મહેસુલ સંહિતાની કલમ-૭૭(૨)હેઠળની તપાસના અંતે મામલતદાર સરકારના હિત વિરુધ્ધનો ચુકાદો આપે તો તેમણે તે તુમાર, ચુકાદાની નકલ સાથે તુર્તજ પ્રાંત અધિકારીને મોકલી આપવું.પ્રાંત અધિકારીએ તેમને મળેલ તુમાર સરકારના હકક/હિત અંગે પૂરતી વિચારણા કરી જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૨૧૧ હેઠળ રીવીઝનમાં લેવાની ભલામણ સાથે, અને જો મામલતદારના ચુકાદા સાથે સંમત થતા હોય તો તે અંગેના કારણોની નોંધ સાથે કાગળો તુમાર મળ્યાની તારીખથી સાત દિવસમાં જિલ્લા કલેકટરને મોકલવાનો રહેશે.કલેકટરે તેમને મળેલ તુમાર રીવીઝનમાં લેવા યોગ્ય જણાય તો તે મુજબની પધ્ધતિસર કાર્યવાહી કરી વિધિસર હુકમો કરવામાં રહેશે. પરંતુ તેઓ પ્રાંત અધિકારીના મામલતદારના ચુકાદા સાથે સંમત થવાના નિર્ણય સાથે સંમત થાય તો તેમણે તે અંગે તારવેલ કારણો તે તુમાર ઉપર દર્શાવી તુમાર પરત કરવો.

૭. જમીન મહેસુલ સંહિતાની કલમ-૭૭(૨)હેઠળ સરકારના હિત વિરુધ્ધનો નિર્ણય જો મદદનીશ/નાયબ કલેકટર કે જે તાલુકા અગર તાલુકાઓના ચાર્જમાં ન હોય તેઓએ લીધો હોય તો તેવા મદદનીશ/નાયબ કલેકટરે તે તુમાર તેમના હુકમોની નકલ સાથે તુર્તજ કલેકટરને મોકલી આપવો. કલેકટર તે તુમાર તપાસી તેમા મહેસુલ પંચમાં વિવાદ દાખલ કરવો કે કેમ? તે અંગેનો નિર્ણય તુમાર મળ્યેથી ૭ દિવસની અંદર લેવાનો રહેશે. જો કલેકટરને તે તુમાર મહેસુલ પંચમાં વિવાદ દાખલ કરવા યોગ્ય જણાય તો તુમાર મહેસુલ પંચમાં વિવાદ દાખલ કરવા માટે તુર્તજ મહેસુલ પંચના સરકારી વકીલને મોકલી આપવો અને કલેકટરશ્રીને વિવાદ દાખલ કરવાની જરૂર નથી.તેમ જણાય તો તેના કારણોની નોંધ સાથે દિન-૭માં તુમાર સરકારમાં મોકલી આપવો.

૮. જમીન મહેસુલ સંહિતાની કલમ-૭૭(૨)હેઠળનો ચુકાદો મદદનીશ નાયબ કલેકટરે કે જેઓ તાલુકા અગર તાલુકાઓના હવાલામાં હોય તેઓએ આપ્યો હોય તો તેમના ચુકાદા

વિરુદ્ધ વિવાદની સત્તા મહેસૂલ પંચને નથી. સાથી આવા ચુકાદાઓ અંગે જમીન મહેસૂલ સંહિતાના પ્રકરણ-૧૩માં દર્શાવ્યા મુજબ કાર્યવાહી કરવી. જમીન મહેસૂલ સંહિતાની કલમ-૩૭(૨) હેઠળનો નાયબ/મદદનીશ કલેક્ટરનો ચુકાદો સરકારની વિરુદ્ધનો હોય તો તેમણે તે અંગેના તુમાર તેમના ચુકાદાની નકલો સાથે કલેક્ટરને તુર્તજ મોકલી આપવો કલેક્ટરે તેમને મળેલ તુમાર રીવીઝનમાં લેવા યોગ્ય જણાય તો તે મુજબ પધ્ધતિસર કાર્યવાહી કરી વિધિસર હુકમો કરવાના રહેશે. પરંતુ તેઓ પ્રાંત અધિકારીના હુકમ સાથે સંમત થતા હોય તો તે અંગેના કારણો સાથે તુમાર તેમને મળ્યાની તારીખથી સાત દિવસમાં સરકારમાં મોકલવાનો રહેશે.

૯. જમીન મહેસૂલ સંહિતાની કલમ-૩૭(૨) હેઠળનો ચુકાદો સરકાર વિરુદ્ધ જો માપણી અમલદારોએ આપેલો હોય તો તે ચુકાદા વિરુદ્ધ વિવાદ સાંભળવાની અથવા તેને ફેરતપાસમાં લેવાની સત્તા મહેસુલ પંચને ન હોવાથી આવા ચુકાદાઓ અંગે જમીન મહેસૂલ સંહિતાના પ્રકરણ-૧૩ની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવી. માપણી અમલદારો કાંતો કલેક્ટરના તાબા નીચે હોય છે અગર તો સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકના તાબા નીચે હોય છે.

(અ) જો કલેક્ટરના તાબા હેઠળના માપણી અમલદારોએ જમીન મહેસુલ સંહિતાની કલમ-૩૭(૨) હેઠળ સરકાર વિરુદ્ધ ચૂકાદો આપેલ હોય અને તેઓ મામલતદાર સંવર્ગની સમકક્ષ હોય તો તેવા ચુકાદા અંગે આ પરિપત્રના ફકરા-૬માં જે પધ્ધતિ દર્શાવેલ છે તે મુજબ કાર્યવાહી કરવી અને તેઓ મામલતદારથી ઉપલી કક્ષાના અધિકારી હોય તો તેવા ચૂકાદા અંગે આ પરિપત્રના ફકરા-૮માં જે પધ્ધતિ દર્શાવેલ છે તે મુજબ કાર્યવાહી કરવી.

(બ) કલેક્ટર તાબાના ન હોય તેવા માપણી અમલદારે જો જમીન મહેસુલ સંહિતાની કલમ-૩૭(૨) હેઠળ સરકાર વિરુદ્ધ ચુકાદો આપેલો હોય તો તેમણે તે તુમાર તેમના ચુકાદાની નકલ સાથે સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રીને તુર્તજ મોકલી આપવો. સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકે તેમને મળેલ તુમાર રીવીઝનમાં લેવા યોગ્ય જણાય તો તે મુજબ પધ્ધતિસર કાર્યવાહી કરી વિધિસર હુકમો કરવાના રહેશે. પરંતુ તેઓ માપણી અધિકારીના ચુકાદા સાથે સંમત થતા હોય તો તે અંગેના કારણો સાથે તુમાર તેમને મળ્યાની તારીખથી સાત દિવસમા સરકારમાં મોકલવાનો રહેશે.

૧૦. વિવાદની તથા ફેર તપાસમાં લેવાની સત્તા જે કેસોમાં મહેસુલ પંચને નથી. તેવા કેસોમાં ફેર તપાસની સત્તા સરકારના મહેસુલ વિભાગને છે.

૧૧. જમીન મહેસુલ સંહિતાની કલમ-૬૭(૨)હેઠળની તપાસના અંતે કે તાબાના અધિકારીઓના આવા ઠરાવો સામે અપીલ કરવામાં આવી હોય અથવા રીવીઝનમાં લીધી હોય અને કલેકટરશ્રી અથવા સેટલમેન્ટ કમિશ્નરશ્રીએ જમીન દફતર નિયામકશ્રી પોતેજ સરકાર હિત વિરુધ્ધનો ચુકાદો આપે ત્યારે તેવા કિસ્સામાં ઉકત કલમ હેઠળ લેવાયેલા નિર્ણયમાં સુધારો કરવા કે રદ કરવા અથવા ગુજરાત મહેસુલ પંચમાં/હાઇકોર્ટમાં કે બીજી યોગ્ય કોર્ટમાં અપીલ કરવી કે કેમ? તે અંગે વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવા તે ચુકાદાની નકલ સહીત તુમાર ૭ દિવસમાં સરકારમાં મોકલી આપવાનો રહેશે.

૧૨. આ પરિપત્ર અન્વયે ઠરાવવામાં આવેલ સમય મર્યાદાનું ચુસ્તપણે પાલન થાય તેની પૂરતી તકેદારી રાખવાની જવાબદારી જે તે અધિકારીની રહેશે.

૧૩. આ પરિપત્રમાં જણાવેલ સૂચના મુજબ કાર્યવાહી કરવા અત્રેથી સર્વે મહેસુલી અધિકારીઓને સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આઇ. એલ. કુરેશી,
ઉપસચિવ,
મહેસૂલ વિભાગ ગુજરાત સરકાર

Printed at Government Photo Litho Press, Ahmedabad